# જ્યાં શિક્ષણ પહોંચી નથી શકતું ત્યાં પહોંચતી 'એજ્યુકેટ ગર્લ્સ'ને મળ્યો મેગ્સેસે ઍવોર્ડ



**પગરવ**

★ પ્રશસ્ત પંડયા

એશિયાનો નોબલ પ્રાઇઝ ગણાતા મેગ્સેસે એવોર્ડમાં આ વખતે પ્રથમવાર ભારતની કોઈ સામાજિક સંસ્થાને પુરસ્કાર મળ્યો છે. આ સંસ્થાનું નામ છે : 'એજ્યુકેટ ગર્લ્સ'. આ સંસ્થાનું કાર્ય વિશેષ કરીને ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારમાં છોકરીઓને શિક્ષણ આપવાનું છે. એટલું જ નહીં જ્યાં સરકારી શિક્ષણ પહોંચી શકતું નથી ત્યાં 'એજ્યુકેટ ગર્લ્સ' શિક્ષણનો અન્ય વિકલ્પ આપીને શિક્ષણ આપે છે. તેમનો ઉદ્દેશ 2035 સુધી એક કરોડને બાળકોને શિક્ષિત કરવાનો છે. 2007માં આ સંસ્થા શરૂ થઈ અને આજે તેનું નામ વિશ્વફલક પર દેવાય છે. માત્ર અઢાર વર્ષના ગાળામાં સંસ્થાએ જમીની સ્તરે આટલું વ્યાપક કામ કરી બતાવ્યું તેમાં શ્રેય સંસ્થાના સ્થાપક સભ્ય સફીના હુસૈનને જાય છે. આ સિવાય પણ આ સંસ્થાના સ્થાપક સભ્યો છે, પરંતુ મુખ્ય નામ સફીના હુસૈનનું આવે છે. તેઓ 'લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ'માં સ્નાતક થયા છે અને પછી તેમણે સાન ફ્રાન્સિસ્કોમાં પોતાની કારકિર્દી આરંભી. પરંતુ તેમણે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ લીધા બાદ એક ક્ષણે નિશ્ચય કર્યો કે પોતાના દેશમાં જઈને મહિલાઓના શિક્ષણ અર્થે કામ કરશે. આ સંસ્થાની સ્થાપના કર્યા બાદ તેમણે રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારમાં કામ શરૂ કર્યું. તેમની પ્રાથમિકતા માત્ર છોકરીઓ શિક્ષણ મેળવે એટલી નહોતી, બલકે તેઓ શિક્ષણ આપીને રોજગારી મેળવી શકે- તેવા પ્રયાસ કરી રહ્યાં છે. તેમનો અને તેમની સંસ્થાનો પ્રયોગ સફળ રહ્યો અને હવે તેઓને પૂરી દુનિયામાંથી આવકાર મળી રહ્યો છે.

સામાજિક કાર્ય કરવા અર્થે ભંડોળ જોઈએ અને તે ભંડોળ મેળવવું સારી-સારી સંસ્થાઓ માટે પણ પડકારજનક છે. 'એજ્યુકેટ ગર્લ્સ' સંસ્થા માટે પણ ભંડોળ મેળવવું શરૂઆતમાં સરળ નહોતું, પરંતુ તેમનું કાર્ય જેમ જેમ આગળ વધતું ગયું તેમ આજે તેમની સાથે ભાગીદારી કરનારી અનેક કંપનીઓ તો છે જ, પણ સાથે રાજ્ય સરકારેય તેમને સહાય કરે છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ સરકાર આ સંસ્થા સાથે ભાગીદારી રાખીને કાર્ય કરી રહી છે. ઉપરાંત, 'અઝિમ પ્રેમજી ફિલાન્થ્રોપિક ઈનિશેટીવ્સ', 'બેન્ક ઓફ અમેરિકા', 'ઈરોઝ ફાઉન્ડેશન', 'ગ્લોબલ ગિવિંગ', 'ગિવ ટુ એશિયા', 'ગિવ ઈન્ડિયા', 'ફોસિલ ફાઉન્ડેશન' અને તે ઉપરાંત 'યુનિસેફ' પણ 'એજ્યુકેટ ગર્લ્સ'ના કાર્યને બિરદાવે છે અને તેમની સાથે મળીને કામ કરે છે.

આ સંસ્થાની વેબસાઈટ પર જઈએ ત્યારે તેમની એકેએક વિગત અહેવાલ દ્વારા મળે છે. અને અહિંયા આ સંસ્થાના સીઈઓ મહર્ષી વૈષ્ણવનો 2023-24 વર્ષના અહેવાલમાં એક સંદેશ મળે છે. તેમાં તેઓ લખે છે : 'અમે સાથે મળીને ચાર લાખ બાળકીઓને શાળામાં પ્રવેશી અપાવી શક્યા. આ પ્રવેશ ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન

**'એજ્યુકેટ ગર્લ્સ'ની પ્રાથમિકતા માત્ર છોકરીઓ શિક્ષણ મેળવે એટલી નહોતી, બલકે તેઓ શિક્ષણ આપીને રોજગારી મેળવી શકે- તેવા પ્રયાસ કરી રહ્યાં છે. તેમનો અને તેમની સંસ્થાનો પ્રયોગ સફળ રહ્યો અને હવે તેઓને પૂરી દુનિયામાંથી આવકાર મળી રહ્યો છે**

રાજ્યમાં થયા છે. ઉપરાંત વૈકલ્પિક શિક્ષણમાં પ્રોજેક્ટ 'જ્ઞાન કા પિટારા' અંતર્ગત 2,60,000 બાળકોને પાયાનું શિક્ષણ આપી શક્યા. આ શિક્ષણમાં કેટલીક પાયાની બાબત હતી અને આંકડાની ઓળખ હતી.'

આજે પણ સામાજિક સંસ્થાઓના કાર્ય માટે દેશના અંતરિયાળ ક્ષેત્રો વાટ જોઈ રહ્યા છે. 'એજ્યુકેટ ગર્લ્સ' દ્વારા તે બધું જ થઈ રહ્યું છે. આ સંસ્થાની સ્થાપનાનો ઉદ્દેશ બાળકોને અને વિશેષ કરીને છોકરીઓને ભણાવવાનો ભલે હોય, પરંતુ તે પછી તેમની ભૂમિકા વ્યાપક બનતી ગઈ અને સરકારોને પણ લાગ્યું કે આ સંસ્થા પરિણામ સુધી પહોંચાડી શકે છે. અને એટલે જ આ સંસ્થા દ્વારા ગત્ વર્ષે 11,000 શિક્ષકો અને અન્ય સરકારી અધિકારીઓને પણ ટ્રેનિંગ આપવામાં આવી છે. બીજી ભૂમિકા આ સંસ્થાની ઉત્તર પ્રદેશમાં 'પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ' દ્વારા શાળાઓમાં માળખાગત સુવિધા નિર્માણ કરવાનું છે. આ સંસ્થા દ્વારા કેટલાંક રાજ્યોમાં મહિલાઓ સામાજિક દૂષણો સામે પણ લડી શકી છે. 2023-24ના અહેવાલમાં શિલ્પા ગૌતમ નામની મહિલાઓનો કેસ સ્ટડી મૂકવામાં આવ્યો છે. ઉત્તરપ્રદેશના મહારાજગંજની આ મહિલા બાળ વિવાહનો સખત વિરોધ કરે છે અને સાથે સાથે તેઓ છોકરીઓની શિક્ષણની તરફેણ કરતાં આવ્યાં છે. આ માટે શિલ્પા ગૌતમ ઘણાં જોખમ ઉઠાવીને અંતરિયાળ ગામોમાં જાગ્રતતા લાવી રહી છે અને વ્યક્તિગત રીતે માતા-પિતાને બાળ લગ્ન ન કરાવવા જોઈએ તે વિશે સમજાવે છે. ઉપરાંત બાળકીઓને ભણાવવી જોઈએ તે વિશે પણ જાગ્રત કરી રહ્યાં છે. તેના પરિણામે આ વિસ્તારની અનેક બાળકીઓના બાળ વિવાહ અટક્યા છે અને તેમણે શાળામાં પગ મૂક્યો છે. આવી અનેક કહાનીઓ 'એજ્યુકેટ ગર્લ્સ' પાસે છે અને તે જ કારણે રેમન મેગ્સેસે જેવા પ્રતિષ્ઠિત એવોર્ડ માટે આ સંસ્થાની પસંદગી થઈ છે.

રેમન મેગ્સેસે એવોર્ડ ફિલિપિન્સના પૂર્વ રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેના સ્મૃતિમાં એનાયત થાય છે. આ એવોર્ડ છ કેટેગરીમાં આપવામાં આવે છે. તેમાં એક છે ગવર્નમેન્ટ સર્વિસ, સેવાકીય કાર્ય, કોમ્યુનિટી લિડરશિપ, પત્રકારત્વ અને સાહિત્ય, શાંતિ અને આંતરરાષ્ટ્રિય બાબતોની સમજણ અને છઠ્ઠી કેટેગરી ઉભરતા આગેવાનોની છે. આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવે છે અને તેની શરૂઆત 1958માં થઈ હતી. ભારતમાંથી અનેક વ્યક્તિઓને આ એવોર્ડ મળી ચૂક્યો છે. અને આજે પણ મેગ્સેસે દ્વારા જે કોઈને સન્માન મળે છે, તેની ઓળખ પછીથી આપણને થાય છે, જેમ અત્યારે 'એજ્યુકેટ ગર્લ્સ' વિશે થયું.

'એજ્યુકેટ ગર્લ્સ'ના સ્થાપક સફીના હુસૈન છે અને તેમની આગેવાની હેઠળ જ આ સંસ્થામાં 'ડેવલપમેન્ટ ઈમ્પેક્ટ બોન્ડ' શિક્ષણમાં અમલી બન્યો. 'ડેવલપમેન્ટ ઈમ્પેક્ટ બોન્ડ' છે શું? આ બોન્ડ પરિણામ આધારીત પ્રોગ્રામ સંચાલિત કરે છે. મતલબ કે જેટલું ભંડોળ કોઈ કંપની કે વ્યક્તિ પાસેથી આવ્યું હોય તેમાં નિર્ધારીત કરેલા કાર્યક્રમનું નિર્ધારીત પરિણામ આપવાનું હોય છે. અને જો પરિણામ આવે છે તો કાર્યક્રમમાં રોકાણ કરનારાઓને બહારના ખર્ચ ભોગવનારા રોકાણકર્તાને તેની મૂડીનું વ્યાજ આપવા માટે સહમત થાય છે. આ અટપટું લાગે છે પરંતુ સફીના હુસૈન આ રીતે 'ડેવલપમેન્ટ ઈમ્પેક્ટ બોન્ડ' દ્વારા બાળકીઓના શિક્ષણમાં ક્રાંતિ કરીને દાખવી છે.

સફીના હુસૈન કરેલું કાર્ય તેમનાં જીવન સાથે પણ જોડાયેલું છે અને તે કારણે પણ તેઓ બાળકીઓના શિક્ષણનું મહત્ત્વ વિશે તીવ્રતાથી અનુભૂતિ કરે છે. સફીના હુસૈનનું




પોતાનું બાળપણ દિલ્હીના ચાલીછાપરાં વિસ્તારમાં વિત્યું છે. તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી અને તે કારણે તેઓ ત્રણ વર્ષ સુધી શાળામાં ભણી ન શક્યાં અને તેમનાં પર વહેલાં લગ્ન કરવાનું દબાણ પણ આવ્યું. જોકે તેમનાં કાકી વચ્ચે પડ્યાં અને તેમનું શિક્ષણ ચાલું રાખ્યું અને પછી તેઓ 'લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ' સુધી પહોંચ્યા. એક સમયે તો લોકો તેમનાં પિતાને એવું કહેતાં પણ સફીનાએ સાંભળ્યાં છે કે, 'બેટી હી તો હૈ, ઈતના પૈસા ખર્ચા હોતા હૈ.' જોકે તેમનું જીવન તરફનો દૃષ્ટિકોણ ત્યારે બદલાયો જ્યારે તેઓ લંડનમાં અભ્યાસ માટે ગયા. તેઓ પોતાના પરિવારથી પ્રથમ યુવતિ હતા - જે વિદેશમાં ભણવા ગયાં હતાં. સફીના હુસૈન મૂળે ભારતની શહેરી અને ગ્રામિણ બંને સ્થિતિથી પરિચિત હતા અને સાથે તેમણે લંડનમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ઉપરાંત પોતાનું બાળપણ અને નિસબતના જોરે તેમના વ્યક્તિત્વમાં એવું કોમ્બિનેશન બન્યું કે તેઓ બાળકીઓ માટે શું સારું છે તે વિચારી શક્યાં અને તેનો અમલ પણ કરાવી શક્યાં.

સફીના હુસૈન જાણીતાં હિન્દી ફિલ્મના ડિરેક્ટર હંસલ મહેતાના જીવનસાથી છે અને તેમને મેગ્સેસે સન્માન અગાઉ પણ વિશ્વના અનેક એવોર્ડ મળી ચૂક્યા છે. જાણીતાં પ્લેટફોર્મ 'ટેડ-એક્સ'માં તેઓ વક્તા બનીને પણ આવ્યાં છે. કતાર દેશનું સેવાકાર્ય બાબતનું સન્માન પણ તેમને મળ્યું છે. 2023માં તેમને 'એજ્યુકેટ ગર્લ્સ' માટે પાંચ લાખ ડોલરનું સન્માન મળ્યું હતું. 'એજ્યુકેટ ગર્લ્સ'ની અનેક સ્ટોરીઝ તેમની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જોકે હજુ પણ ન્યૂઝ મીડિયામાં આ સંસ્થાની વધુ વિગત આવી નથી. સંભવત્ હવે મેગ્સેસ સન્માન મળ્યા બાદ આ સંસ્થાના કાર્યનો વ્યાપ દેશભરમાં થશે અને તેની માહિતી પણ લોકો સુધી પહોંચશે.

